| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૯/૦૧/૨૦૨૦ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૮/૨૦૨૦**

# પાસા અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૮.૧.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વેજલપુર તથા સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના ઘર આગળ પાર્ક કરેલ તેમજ પાર્કિંગમા પાર્ક કરેલ મો.સા.ડુપ્લીકેટ ચાવીથી ખોલી મો.સા.ની ચોરી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ મોહમંદ સોયેબ ઉર્ફે સોનુ અખ્તરઅલી અંસારી રહેવાસી- મ.ન.૮ તાજ રો હાઉસ મેમનગર આરસીસી રોડ કેનાલ ની પાછળ ફતેહવાડી અમદાવાદ તથા મ.ન.૧૦ સલતાજ્નગર ઠાકોરવાસ વટવા કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર મુળ વતન ગામ- સરદારવાસ, અણદેજ તા- સાણંદ જિ- અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમંદ સોયેબ ઉર્ફે સોનુ અખ્તરઅલી અંસારી રહેવાસી- મ.ન.૮ તાજ રો હાઉસ મેમનગર આરસીસી રોડ કેનાલ ની પાછળ ફતેહવાડી અમદાવાદ તથા મ.ન.૧૦ સલતાજ્નગર ઠાકોરવાસ વટવા કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર મુળ વતન ગામ- સરદારવાસ, અણદેજ તા- સાણંદ જિ- અમદાવાદ |

- શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોલીસ કર્મચારીઓની કાયદેસરની ફરજમા અડચણ કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી શર્ટના બટન તોડી નાખી જાનથી મારી નાખવાની

ધમકી આપનાર તથા લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી ડાબા આંખ ઉપર ફેટ મારનાર ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર ઈસમ કમલેશ ઉર્ફે ટિકલો લીલાજી ઠાકોર રહેવાસી- બ્રાહમણની ચાલી સોનીયા સિરામિક પાછળ અનિલ સ્ટાર્ચ રોડ અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કમલેશ ઉર્ફે ટિકલો લીલાજી ઠાકોર રહેવાસી- બ્રાહમણની ચાલી સોનીયા સિરામિક પાછળ અનિલ સ્ટાર્ચ રોડ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના વટવા, નારોલ, જીઆઈડીસી,ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકોના મકાનનુ તાળુ તોડી તથા બંધ દુકાનનુ શટર તોડી મકાનમા પ્રવેશી સોના ચાંદીના દાગીનાની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સુનીલભાઈ મદનલાલ લખેરા રહેવાસી- મ.ન.એ/૧૧ રંગરાજ એપાર્ટમેન્ટ પુનીતનગર રેલ્વે ક્રોસીગ પાસે વિઠ્ઠલનગર નો ટેકરો જશોદાનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુનીલભાઈ મદનલાલ લખેરા રહેવાસી- મ.ન.એ/૧૧ રંગરાજ એપાર્ટમેન્ટ પુનીતનગર રેલ્વે ક્રોસીગ પાસે વિઠ્ઠલનગર નો ટેકરો જશોદાનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત અન્ય મિલક્ત સબંધી,પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી **કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત વડોદરા, રાજકોટ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી આરોપીની અટકાયત

**રામોલ પોલીસ સ્ટેશન :**

### ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ
### બજાજ મેક્ષીમાં લોડીંગ રીક્ષાની બંધ બોડીના પતરામાં ગુપ્ત ખાનાઓ બનાવી સંતાડેલ ઈગ્લીશ દારૂની બોટલ નંગ:૧૫૧ કીમત રૂપીયા ૭૫૫૦૦/- તથા રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૨૫૫૫૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમ ઝડપાયા

આજરોજ તા:૦૯/૦૧/૨૦૨૦ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ પો.સ.ઈ બી.બી.સોલંકી સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો દીપકકુમાર બાબુભાઈ તથા પો.કો યોગીરાજસિંહ પ્રધ્યુમનસિંહ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે સીટીએમ બીઆરટીએસ બસ સ્ટોપ સામે આવતા આરોપીઓ .૧ તોસીફ સ/ઓ ફીરોજભાઈ ભીખાભાઈ કલાલ ઉવ:૨૧ રહે:મલહાર પુરા રાધણી માતાના મંદીર પાસે કલાલવાસ કડી તા:કડી જી:મહેસાણા તથા નં.૨ ઈનાયત સ/ઓ અબ્દુલભાઈ કાસમભાઈ જેસડીયા ઉવ:૧૯ રહે:જાગ્રુતી સ્કુલ પાસે ઘંટીની બાજુમાં સરખેજ અમદાવાદ શહેર મુળવતન ગામ:ફુલગલી હુસેનની ચોક ધાંગધ્રા તા:ધાંગધ્રા જી:સુરેન્દ્રનગર નાઓને પોતાના કબજાની બજાજ મેક્ષીમાં લોડીંગ રીક્ષામાં બંધ બોડીના પતરામાં ગુપ્ત ખાનાઓ બનાવી રીક્ષામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલ નંગ:૧૫૧ કીમત રૂપીયા ૭૫૫૦૦/- તથા બજાજ મેક્ષીમાં રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૨૫૫૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી પ્રોહિ એકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.







# ડીઝલ ચોરીના આરોપીની અટકાયત

## ઈસનપુર પોલીસ સ્ટેશન :

## ડીઝલ ચોરીના ગુનાઓમા પકડાયેલ ત્રણ આરોપીઓની પાસા કરી જુદી-જુદી જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ ડીઝલ ચોરીના ગુનાઓમા પકડાયેલા ૩ આરોપીના પાસાના પ્રપોઝલ તૈયાર કરી નામ સામે જણાવ્યા મુજબના પાસાના હુકમો કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમ બનાવી આરોપીઓને શોધી કાઢી પકડી પાડી આરોપીઓ (૧) શાહરૂખ ઉર્ફે મસરી સ/ઓ યુસુફભાઇ કરીમભાઇ સૈયદ ઉ.વ ૨૩ રહે મ.ન એ/૬ હજરત કલન્દરનગર કોઝી હોટલની પાછળ બોમ્બે હોટલની અંદર વહાબ મસ્જીદ સામે દાણીલીમડા અમદાવાદ શહેરને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૭/૨૦૨૦ તા.૦૭/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે તથા (૨) ઉમરખાન સ/ઓ સાજીદખાન આબીદખાન પઠાણ ઉ.વ ૩૧ રહે મ.ન ૧૦ રહિમનગર ઠાકોરવાસની બાજુમા બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેરને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૮/૨૦૨૦ તા.૦૭/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે તથા (૩) નુરીદીન સ/ઓ યાસીનભાઇ જુમનભાઇ મિરઝા ઉ.વ ૩૫ રહે મ.ન ૩૨૦ ન્યુ ફેસલનગર હરીયાલી બસ સ્ટેન્ડ પાછળ દાણીલીમડા અમદાવાદ શહેરને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૯/૨૦૨૦ તા.૦૭/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે એમ ત્રણેયને જુદી-જુદી જેલ મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૮/૦૧/૨૦૨૦



# ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી આરોપીની અટકાયત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

## ઘરફોડ કરનાર આરોપીને બાતમી આધારે સંપુર્ણ મુદામાલ સાથે પકડી ઝબ્બે કરી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી સોલા હાઈકોર્ટ પોલીસ

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ આવા ગુનાઓ કરવાવાળા ઇસમોને પકડવા સારૂ કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સર્વલન્સ સ્કોડના પો.સ.ઈ. જે.જે.રાણા તથા લોકરક્ષક પ્રકુલભાઇ છેલાભાઇ તથા લોકરક્ષક માધુભાઇ પોલાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે રૂ.૯,૬૩,૯૨૫/- ની ઘરફોડ કરનાર આરોપીને સંપુર્ણ મુદામાલ સાથે પકડી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

- આરોપી:

કાળુ પ્રહલાદભાઇ દેવીપૂજક ઉવ.૨૪ રહે.સોલા ડમ્પીંગ સ્ટેશનની સામે છાપરામાં, સોલા, અમદાવાદ હાલ રહે.ઉતરાણ રેલવે સ્ટેશનની બાજુમાં આવેલ ગરનાળા પાસે આવેલ ઝુપડપટ્ટીમા, ઉતરાણ સુરત.

- મુદામાલ : ઓટો સેરા કંપનીનો સી.પી.ફીટીંગનો સામાન કિ.રૂ.૮,૮૩,૯૨૫/- તથા ઓટો રીક્ષા કિ.રૂ.૮૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૯,૬૩,૯૨૫/-

- શોધાયેલ ગુનો : સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૫૬૮/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વે સ્કોડ પો.સ.ઇ જે.જે.રાણા તથા પો.કો હેમરાજસિંહ માનસિંહ બ.નં.૪૨૭૯, પો.કો અજીતસંગ નારણસંગ બ.નં.૭૪૧૫ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.